# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-04-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## પેટ્રોલ ડીઝલ અને LPGની ઉપલબ્ધતા:

**પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે કહ્યું કે સરકાર દેશભરમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. તેણે નાગરિકોને પેટ્રોલ અને ડીઝલની ગભરાટભરી ખરીદી અને એલપીજીનું બિનજરૂરી બુકિંગ ટાળવાની સલાહ આપી છે.**

**મંત્રાલયે કહ્યું કે, તેણે પેટ્રોલિયમ ઉત્પાદનો અને એલપીજીની અવિરત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે સક્રિય પગલાં લીધાં છે. પાંચ કિલોગ્રામ સિલિન્ડર નજીકના એલપીજી વિતરકો પર ઉપલબ્ધ છે અને કોઈપણ માન્ય ઓળખ પુરાવા બતાવીને ખરીદી શકાય છે. મંત્રાલયે ઉમેર્યું કે પાંચ કિલોગ્રામ સિલિન્ડર ખરીદવા માટે કોઈ સરનામાના પુરાવાની જરૂર નથી. તેણે ઉમેર્યું કે ગયા મહિનાની 23 તારીખથી પાંચ કિલોગ્રામ વજનના લગભગ પાંચ લાખ 70 હજાર સિલિન્ડર વેચાયા છે.**

**-------------------------------------------------------------------------------------------**

## LPG ટેન્કર ટેન્કર ગ્રીન સાનવી:

**ભારતીય ધ્વજવાળું LPG ટેન્કર ગ્રીન સાનવી, યુદ્ધગ્રસ્ત હોર્મુઝની સમુદ્રધાનીને સુરક્ષિત રીતે પાર કરીને ભારત પરત ફરી રહ્યું છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, પશ્ચિમ એશિયાઈ સંઘર્ષ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થનાર આ સાતમું ભારતીય LPG ટેન્કર છે. હાલમાં, પશ્ચિમ પર્સિયન ગલ્ફ ક્ષેત્રમાં 17 ભારતીય ધ્વજવાળા જહાજો છે જે 400 થી વધુ ભારતીય ખલાસીઓને લઈ જાય છે. અત્યાર સુધીમાં, 1,130 થી વધુ ભારતીય ખલાસીઓ ગલ્ફ ક્ષેત્રમાંથી સુરક્ષિત રીતે ઘરે પરત ફર્યા છે.**

જહાજ માલિકો અને ભારતીય મિશન સાથે સંકલનમાં શિપિંગ ડિરેક્ટોરેટ જનરલ સક્રિય રીતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. **DG** શિપિંગ કંટ્રોલ રૂમસતત કાર્યરત રહે છે.

---

## રેલવે કનેક્ટિવિટી:

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે ભારતીય રેલવે દેશભરમાં કનેક્ટિવિટીમાં પરિવર્તન લાવી રહી છે, જેમાં આખા વર્ષ દરમિયાન દરરોજ લગભગ **25,000** ટ્રેનો દોડે છે.

શ્રી વૈષ્ણવે સોશિયલ મીડિયા સંદેશ માં છેલ્લા નાણાકીય વર્ષમાં ભારતીય રેલવે દ્વારા કરવામાં આવેલી અભૂતપૂર્વ પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે માલ અને મુસાફરોના પરિવહનમાં રેકોર્ડ કામગીરી, વંદે ભારત સેવાઓનું વિસ્તરણ, સલામતીમાં સુધારો અને સ્ટેશન અને ટર્મિનલ માળખાને મજબૂત બનાવવાનો ઉલ્લેખ કર્યો હતો, જેનો હેતુ મુસાફરોના અનુભવને સુધારવાનો છે.

---

## જ્ઞાન સધના સ્કોલરશીપ:

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા જિલ્લામાં પૂર્વ અને પશ્ચિમ એમ બે ઝોનમાં યોજાઈ હતી. ધોરણ **8** માં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓ માટેની આ મહત્ત્વની પરીક્ષામાં હજારો વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા દર્શાવી હતી.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના આંકડા મુજબ ગાંધીધામ પુર્વ ઝોનમાં કુલ **10,523** નોંધાયેલા વિદ્યાર્થીમાંથી **7706** વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ભુજ પશ્ચિમ ઝોનમાં કુલ **9347** નોંધાયેલા વિદ્યાર્થીમાંથી **7041** વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ભુજ ઝોનમાં **43** કેન્દ્રો પર પરીક્ષા લેવાઇ હતી.

જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યું હતુ  કે, પ્રક્રિયાના દેખરેખ માટે વર્ગ-**2** ના અધિકારીઓની ઝોનલ ઓફિસર તરીકે નિમણૂક કરાઈ હતી. તમામ **75** કેન્દ્રો પર પૂરતો પોલીસ બંદોબસ્ત અને સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ પરીક્ષા લેવાઇ હતી.

---

## આઈ.પી.એલ:

**આઈ.પી.એલ.ની નવમી મેચમાં ભારે રસાકસીને અંતે રાજસ્થાન રોયલ્સની ટીમે ગુજરાત ટાઇટન્સની ટીમ સામે 6 રન થી વિજય મેળવ્યો હતો. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચમાં રાજસ્થાન ટીમના 6 વિકેટે 210 રનના જવાબમાં ગુજરાતની ટીમ 8 વિકેટ ગુમાવી 204 રન કરી શકી હતી. સાંઈ સુદર્શને સૌથી વધુ 73 રન કર્યા હતા એ અગાઉ રાજસ્થાન રોયલ્સની ટીમે પ્રથમ દાવ લઈ 6 વિકેટ ગુમાવી 210 રન કર્યા હતા, જેમાં ધ્રુવ જૂરેલે સૌથી વધુ 75 રન અને યશસ્વી જયસ્વાલે 55 રન કર્યા હતા.**

---

## પુસ્તક મેળો:

મુંદરા શહેરના મહારાવ ખેંગારજી લાઇબ્રેરીની 151મી વર્ષગાંઠની તાજેતરમાં ત્રિદિવસીય પુસ્તક મેળા સાથે ઉજવણી થઈ હતી. સંચાલક સંસ્થા રાષ્ટ્રીય યુવા અને ગ્રામ્ય વિકાસ પરિષદ, ગુજરાત ગ્રંથાલય અને વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રાનિંગ ઇન્સ્ટિટ્યૂટ, માંડવી દ્વારા આયોજિત આ ભાતીગળ પુસ્તક મેળામાં ત્રણ શાળાઓ સહિત 100 જેટલા પુસ્તકપ્રેમીઓએ રૂા. દોઢ લાખના પુસ્તકોની ખરીદી કરી હતી. આ વેચાણમાં વાંચનપ્રેમીઓને 40 ટકાના ડિસ્કાઉન્ટનો લાભ પણ સમાવિષ્ટ હતો.

---

## KASEZ આગનો બનાવ:

ગઈકાલે ગાંધીધામમાં નજીક આવેલી કંડલા સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં એક ખાનગી કંપનીમાં ભીષણ આગ લાગવાનો બનાવ બન્યો હતો. આગ પર મોટાભાગનો કાબુ મેળવી લેવાયો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

---

## હવામાન:

જીલ્લામાં માવઠાંનો દોરની વચ્ચે હજુ આગામી દિવસોમાં કમોસમી વરસાદ વરસે તેવી હવામાન વિભાગની આગાહી વચ્ચે જિલ્લામાં વાદળ છાયા વાતાવરણ વચ્ચે કારતક માસ જેવી વાતાવરણીય વિષમતા જીલ્લામાં જોવા મળી રહી છે. જે ચૈત્ર માસમાં લોકો અનુભવી રહ્યા છે. ભુજ, નલિયા અને કંડલામાં લઘુતમ પારો 19 ડિગ્રીએ પહોંચતાં સવારના સમયે લોકોએ વાતાવરણમાં શીતળતા અનુભવી હતી.

---